# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - પ્રથમખંડ

### પ્રશ્નપત્ર - ૨

(સમય : બપોરે ૨ થી ૫) રવિવાર, ૪ જુલાઈ, ૨૦૧૦ કુલ ગુણ : ૧૦૦

**વિભાગ : ૧ : બ્રહ્મવિદ્યાના અમૂલ્ય ગ્રંથો પ્રથમ આવૃત્તિ એપ્રિલ-૨૦૦૮ના આધારે**

**પ્ર.૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ ૬)**

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૪ (૫) ૨. ૧, ૪ (૬૩,૬૪) ૩. ૧, ૨ (૪૭)

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૫)**

**નોંધ : અર્ધો જવાબ સાચો હોય તો પણ અર્ધો ગુણ ન આપવો. જવાબ આખા વાક્યમાં લખેલો હોવો જોઈએ. એક શબ્દમાં લખેલો જવાબ માન્ય ગણાશે નહિ.**

**૧. ગુણાતીતાનંદ સ્વામી બ્રહ્મવિદ્યા માટે શું કહે છે ? (૨)**

જ. ગુણાતીતાનંદ સ્વામીએ બ્રહ્મવિદ્યા માટે કહ્યું છે કે વિદ્યાઓ તો ઘણી છે, પણ ભણવા જેવી તો બ્રહ્મવિદ્યા છે ને એમાં જ માલ છે ને અંતે એમ કર્યા વિના છૂટકો નથી.

**૨. વચનામૃતનો મુખ્ય પ્રતિપાદ્ય વિષય કયો છે ? (૧૩)**

જ. વચનામૃતનો મુખ્ય પ્રતિપાદ્ય વિષય તો ભગવાન એટલે કે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ જ છે, કે જે સાધ્ય (ઉપેય-પ્રાપ્ય) પણ છે અને સાધન (ઉપાય) પણ એ જ છે.

**૩. શ્રીજીમહારાજે સાધના શા માટે કરી છે ? (૨૭)**

જ. આ મનુષ્યદેહે કરીને સાધનાના કઠિન માર્ગે ચાલીને સર્વોત્તમ સ્થિતિએ પહોંચી શકાય છે, એવી શ્રદ્ધા સર્વે મુમુક્ષુઓના હૃદયમાં પ્રગટાવવા માટે મહારાજે આ સાધના કરી છે.

**૪. વચનામૃતના સંપાદક પરમહંસોનાં નામ આપો. (૫૦)**

જ. મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી તથા શુકાનંદ સ્વામી.

**૫. સ્વામીની વાતોના હસ્તલિખિત ખરડાનું વાંચન થતું ત્યારે ગુણાતીતાનંદ સ્વામી વારંવાર કયા શબ્દો દ્વારા તેનું પ્રમાણ કરતા ? (૭૫)**

જ. સ્વામીની વાતોના હસ્તલિખિત ખરડાનું વાંચન થતું ત્યારે ગુણાતીતાનંદ સ્વામી વારંવાર કહેતા 'આ વાતુંમાં તો એકે શબ્દ આઘોપાછો નથી.'

**પ્ર.૩ પ્રમાણ પરથી વિષયનું શીર્ષક આપો. (કુલ ગુણ ૫)**

૧. ગ.અં. ૩૮ - 'સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિશે પ્રકટ થયા થકા સર્વ જનના નયનગોચર વર્તે છે. તે તમારા ઈષ્ટદેવ છે.' (૨૨)

**જ. શ્રીજીમહારાજ : સર્વાવતારના અવતારી સર્વોપરી ભગવાન.**

૨. કા. ૬ - 'અમે તો જે મન-કર્મ-વચને પરમેશ્વરના ભક્ત છે તેને અર્થે અમારો દેહ પણ શ્રીકૃષ્ણાર્પણ કરી રાખ્યો છે.' (૪૦)

**જ. (શ્રીજીમહારાજના ઉપદેશનું પ્રયોજન) શ્રીજીમહારાજનું કલ્યાણકારી જીવન.**

૩. વર. ૨ - 'અને એ ચાર શાસ્ત્રે કરીને જે ભગવાનના સ્વરૂપને સમજે તે જ પૂરો જ્ઞાની કહેવાય.' (૬૬)

**જ. સમન્વયાત્મક તત્ત્વજ્ઞાન અને સાધના : સમન્વયાત્ત્વજ્ઞાન.**

૪. ‘આજ તો પુરુષોત્તમ, અક્ષર ને અક્ષરના મુક્તે સહિત પધાર્યા છે.’ (સ્વા. વાત - ૩/૪૧) (૮૩)

**જ. ગુણાતીતાનંદ સ્વામી : સાક્ષાત્ અક્ષરબ્રહ્મનો અવતાર.**

૫. ‘વડોદરાનો ચાંદલો કોઈકને આવે ત્યારે સર્વે તેનાં મોટાં ભાગ્ય માને, તેમ આપણે તો પુરુષોત્તમનારાયણનો ચાંદલો આવ્યો છે માટે તેનો કેફ રાખવો. (સ્વા. વાત - ૨/૭૭) (૧૪૮)

**જ. ‘સ્વામીની વાતો’ માં પ્રાપ્તિના મહિમાનો ઘૂંટાતો કેફ.**

**પ્ર.૪ નીચે આપેલા વિષયના ફક્ત તમામ મુખ્ય મુદ્દાઓ જ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અડધા મુદ્દા સાચા લખ્યા હોય તો ૧ ગુણ આપવો.**

**૧. સ્વામીની વાતોમાં સાધનાનું સ્પષ્ટ શબ્દચિત્ર. (૧૨૭-૧૪૪)**

જ. ધ્યેયની સ્પષ્ટતા, સાધનોનું ન્યૂનાધિક મહત્ત્વ, સાધનામાં એકડોઃ, સાધનામાં સત્પુરુષનું પ્રાધાન્ય, સાધનામાં રહી જતી કચાશ, આંતરિક સાધના માટેની જાગૃતિ, સાધનામાં આવતાં વિઘ્નોની સ્પષ્ટતા, સાધનાલક્ષી પ્રશ્નોના ઉત્તરો, સાધના વિષયક સૂત્રાત્મકઉપદેશ.

**૨. શ્રીજીમહારાજ બ્રહ્મવિદ્યાના યથાર્થ જ્ઞાતા અને અનુભવી. (૨૪-૩૮)**

જ. તીવ્ર તપસ્યા અને દેહનો અનાદર, ત્યાગનો ઈશક, સેવાની તત્પરતા, કથાશ્રવણની આસક્તિ, વિચારશીલતા, નિર્વાસનિકતા - નિર્દોષતા, સમતા - સ્થિતપ્રજ્ઞતા, આત્મા - પરમાત્માનો સાક્ષાત્કાર

**પ્ર.૫ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (વીસેક લીટીમાં) (કુલ ગુણ ૧૦)**

**૧. શ્રીજીમહારાજની વિચારશીલતા (૩૫-૩૬) અથવા**

જ. દૈહિક સાધનાની સાથે સાથે વૈચારિક સાધનાની પણ ખૂબ જ આવશ્યકતા છે તે સ્પષ્ટપણે સમજાય છે. ઉત્કૃષ્ટ સાધકની આદર્શ સાધનામાં વૈચારિક સાધનાનો ઉચ્ચ આદર્શ શ્રીજીમહારાજના જીવનમાં આપણને સાંગોપાંગ જોવા મળે છે, શીખવા મળે છે. સમગ્ર વચનામૃતનો અભ્યાસ કરતાં આપણને સ્પષ્ટપણે જણાય છે કે મહારાજની સહજ પ્રકૃતિ વિચારશીલ અને અંતર્દષ્ટિયુક્ત હતી. સાધનામાં જગતના નાશવંતપણાનો, આત્માનો અને ભગવાનના મહિમાનો વિચાર કેવી રીતે હોવો જોઈએ તે પોતાના મિષે જણાવતાં શ્રીજીમહારાજ કહે છે : **મ. ૫૫** - ‘‘અંતરમાં અખંડ વિચાર એવો રહે છે, જેમ મનુષ્યને મૂવાટાણે પથારી ઉપર સુવાર્યો હોય ત્યારે તે મનુષ્યમાંથી સહુને પોતાના સ્વાર્થની વાસના ટળી જાય છે અને તે મરનારાને પણ સંસાર થકી મન ઉદાસ થઈ જાય છે. તેમનું તેમ અમારે પોતાની કોરનું અને બીજાની કોરનું અંત અવસ્થા જેવું સદા વર્તે છે. અને જેટલું માયિક પદાર્થમાત્ર છે તે સર્વે નાશવંત ને તુચ્છ સરખું જણાયા કરે છે.’’ **મ. ૩૫** - ‘‘આ મારી સર્વે ઈન્દ્રિયોની ક્રિયાને વિશે મને આત્માનું ક્ષણમાત્ર પણ વિસ્મરણ થતું નથી.’’ **પં. ૧** - ‘‘એ ભગવાનના ધામના સુખનો જ્યારે વિચારી કરીએ છીએ ત્યારે સર્વે જે બીજાં સુખ તેથી ઉદાસ થઈને મનમાં એમ થાય છે જે, ‘આ દેહ મૂકીને એ સુખને ક્યારે પામીએ ?’ અને સ્વાભાવિકપણે પંચવિષયનું ગ્રહણ કરતા હોઈએ તેમાં તો કાંઈ ઝાઝો વિચાર થતો નથી, પણ જો તે વિષયમાં કાંઈક સારપ્ય મનાય છે ત્યારે તુરત એ ભગવાનના સુખમાં દૃષ્ટિ પૂગી જાય છે અને મન અતિ ઉદાસી થઈ જાય છે.’’ જગત અને જગતના પદાર્થોનો કે પંચવિષયનો ત્યાગ થઈ શકે, પરંતુ આ ત્રણ વિચાર વગર તેમાંથી રાગ ટળતો નથી. શ્રીજીમહારાજના જીવનમાં આ ત્રણેય વિચારો સહજપણે વણાયેલા છે. જગતમાં જેમ વિચાર વગરની સાધના થયા કરે છે, તેમ વિચારને પામ્યા વગર અધ્યાત્મ વિશે ઘણું કહેવાય છે અને લખાય છે. ઘણા ઉપદેશકો શાસ્ત્રો વાંચીને કે સાંભળીને અને એમાંથી કાંઈક યાદ રાખીને એની વાતો કર્યા કરતા હોય છે, પરંતુ યોગ્ય વિચારને પામ્યા વગર તેઓ શાસ્ત્રોનાં રહસ્યોને ઉદ્‌ઘાટિત કરી શકતા નથી. આ દૃષ્ટિએ શ્રીજીમહારાજ એક વિલક્ષણ ઉપદેષ્ટા છે. તેઓ બ્રહ્મવિદ્યાવિષયક જે કાંઈ વાતો કરે છે, તેનો ખૂબ જ વિચાર કરીને, જે તે વાતનું ઊંડું ચિંતન અને મનન કરીને પછી જ એનો ઉપદેશ કરે છે. તેમની આ અદ્વિતીય લાક્ષણિકતા તેમનાં પોતાનાં આ વચનોમાં જણાઈ આવે છે. **પં. ૨** - ‘એ સાંખ્ય ને યોગ બેયનો સિદ્ધાંત તમે કીર્તન ગાયાં ત્યાં સુધી અમે વિચાર્યો છે તે કહીએ તે સાંભળો જે...’’ **મ. ૬૨** - ‘‘અમે જે દિવસથી વિચારીએ છીએ તે દિવસથી અમારી નજરમાં એમ આવે છે જે...’ **મ. ૬૪** - ‘અમે વ્યાસજીના કરેલા જે સર્વે ગ્રંથ સાંભળ્યા પછી પૂર્વાપર વિચારીને જોયું જે...’ ઉપરોક્ત સંદર્ભોમાં શ્રીજીમહારાજની વિચારશીલ પ્રકૃતિનાં દર્શન થાય છે. તેમણે જે કાંઈ કહ્યું છે તે ખૂબ જ વિચારપૂર્વક કહ્યું છે.

તેટલું જ નહિ, પરંતુ એ વિચારોને પોતાના જીવનમાં આત્મસાત્ કરીને તેનો યથાર્થ અનુભવ કર્યા પછી જ સૌના હિતાર્થે એ વિચારો સૌ શ્રોતા સમક્ષ અભિવ્યક્ત કર્યા છે.

**૨. તીવ્ર તપશ્ચર્યા અને દેહનો અનાદર (૨૮)**

જ. શ્રીજીમહારાજે તીવ્ર તપસ્યા અને દેહનો અનાદર કરીને પોતાના જીવનવૃત્તાંત દ્વારા આવી સાચી પ્રેરણા સૌને આપી છે. પોતાને બાળપણથી જ તપની કેવી રુચિ હતી તેની વાત કરતાં તેઓ **વચ.કા.૩**માં કહે છે, ''મને બાળકપણામાં સ્વામી કાર્તિકની પેઠે એવો જ વિચાર ઊપજ્યો જે, ''મારે મારા શરીરમાં માતાનો જે ભાગ રુધિર ને માંસ તે રહેવા દેવું નથી.'' માટે ઘણેક પ્રયત્ને કરીને શરીર એવું સૂકવી નાખ્યું જે, ''શરીરમાં કાંઈક વાગે તો પાણીનું ટીપું નીસરે પણ રુધિર તો નીસરે જ નહિ.'' મહારાજે ૧૧ વર્ષની કુમળી વયે ગૃહનો ત્યાગ કર્યો. ત્યાર પછી સાત વર્ષના વન-વિચરણ દરમ્યાન તેમણે સખત અને સતત કષ્ટદાયક દૈહિક ભીડો વેઠી, દેહનો અતિશય અનાદર કરી અને અતિશય મુશ્કેલીઓ તથા વિઘ્નોમાં પણ વિચરણ કર્યું છે. તેમણે હિમાલયની કાળજું કંપાવનારી કાતિલ ઠંડી, વરસાદની તીવ્ર ઝડીઓ કે આગ ઝરતી ગરમીને પણ ગણકારી નથી. દિવસો સુધી અન્ન જળ વગર પહાડોમાં, ખીણોમાં, ગાઢ જંગલોમાં, જંગલી પશુઓ અને ઝેરી સર્પો વચ્ચે ઘૂમ્યા છે. પુલહાશ્રમમાં ચારેક મહિના સુધી અતિ કષ્ટદાયક તપ કર્યું છે. તેઓ **વચ.પ્ર.૨૯**માં કહે છે, ''અમે પુરુષોત્તમપુરીમાં રહેતા ત્યારે કેટલાક માસ સુધી તો વાયુ ભક્ષણ કરીને રહ્યા તથા ત્રણચાર ગાઉના પહોળા પટવાળી એક નદી હતી તેને વિશે એક વાર શરીર તણાતું મેલ્યું તથા શિયાળો, ઉનાળો ને ચોમાસું તેને વિશે છાયા વિના એક કૌપીનભર રહેતા હતા.'' આવી તીવ્ર મુમુક્ષુતા, ઝંખના અને અડગ શ્રદ્ધાને લીધે જ, મોટા મોટા યોગીઓ માટે વર્ષોની સાધનાને અંતે પણ દુર્લભ એવો અષ્ટાંગયોગ, ફક્ત એક જ વર્ષમાં તેમણે સિદ્ધ કર્યો. દેહ અને મનના ચૂરેચૂરા કરીને યોગ સિદ્ધ કરનાર આવો અષ્ટાંગયોગનો વિદ્યાર્થી ગુરુ ગોપાળયોગીને બીજો કોઈ મળ્યો નહિ હોય. વનવિચરણ પૂરું કરીને લોજમાં આવ્યા બાદ કેટલાક મહિના પછી રામાનંદ સ્વામીને લખેલા એક પત્રમાં પોતાના તપ વિશે તેઓ લખે છે.

તપ કરું છું કઠણ તને, નથી મોળો હું પડતો મને;
ચારે માસ ચોમાસાના જેહ, કરું ધારણાં પારણાં હું તેહ.
વર્ષોવરસ કાર્તિક માસ, કરું છું સામટા ઉપવાસ;
વળી એ માસમાં કોઈ સમે, કરું કચ્છ્રવ્રતને તે અમે.
ત્યાર પછી માઘ માસમાંય, કરું પારાકચ્છ્ર કહેવાય;
ચાંદ્રાયણ એકાદશી લઈ, સર્વે વ્રત કરું છું હું સઈ.
કૃષ્ણ પ્રસન્ન કરવાને કાજ, એનું દુઃખ મને નથી મહારાજ;
પંચવિષયથી મન ઉતારી, કરું છું તપ કઠણ ભારી.
તેણે કરીને શરીરમાંઈ, લોહી માંસ ગયું છે સુકાઈ;
પ્રાણ રહ્યા તણી એક રીત, નથી રાખી મેં ચિંતવ્યું ચિત્ત.
(ભક્તચિંતાણી : પ્ર.૪૨/૧૧-૧૫)

આ શબ્દો વાંચીએ તો મહારાજને કેવો તપનો આગ્રહ ને ઈશક છે તેનો ખ્યાલ આવે છે. એમને તપની રુચિ હંમેશા આવી જ રહી છે. તેઓ વર્ષો પછી પણ **વચ.લો.૧૪**માં કહે છે, ''એમ મનમાં રહે છે જે, શ્વેતદ્વીપને વિષે તથા બદરિકાશ્રમને વિશે જઈને નિરન્નપણે રહ્યા થકા તપ કરીએ તો બહુ સારું લાગે.''

**૩. ગુણાતીતાનંદ સ્વામીને ખાવા-પીવા કે વસ્ત્રોમાં તાલમેલ નહિ (૮૬-૮૮) અથવા**

જ. ગુણાતીતાનંદ સ્વામીને ખાવા-પીવા કે વસ્ત્રોમાં તાલમેલ કે રજોગુણ નહિ.

(૧) વસ્તા પટેલને ત્યાં જમવાનું આમંત્રણ હતું. મૂળજી ભક્તે પોતાના ભાણામાંથી લાડુ કાઢી નાખી ફક્ત રોટલો અને કઢી રહેવા દીધાં અને બોલ્યા, ''હું તો રોટલો અને કઢી જ જમીશ. અમે કાંઈ લાડુ જમવા આવ્યા નથી.'' મૂળજી ભક્તને તો સારું સારું જમવાને બદલે કોઠાં, બોર, આંબલી વગેરે પર સહેજે રુચિ રહેતી. સાધુ થયા પછી પણ કોઈ દિવસ સારું સારું ખાવામાં કે સારાં વસ્ત્રો રાખવામાં એમની જરાય રુચિ ન હતી. (૨) તેઓ પોતાની સહજ પ્રકૃતિનું વર્ણન કરતાં કહે છે : ''અમારે તો કાંઈ વસ્ત્ર જ ન જોઈએ, એક ધાબળી પણ નથી, ને આ ખાધાનું તો કો'કના સારાને અર્થે છે; બાકી દાળ-રોટલા જોઈને, ને બીજામાં મહારાજને પ્રતાપે સહેજે અરુચિ રહે છે.'' (સ્વા.વા ૬/૧૫૨) (૩) ''આ આમાં આટલું રહ્યા છીએ ખરા, પણ વનમાં રહીએ તોપણ સુખ રહે; ને એક ટાણું રોટલા જોઈએ ને, એક ગોદડી હોય તો બીજું વસ્ત્ર ન જોઈએ; ને વનમાં રહેતા

ત્યારે આ ગોદડીભર રહેતા. તે ટાઢ્ય હરે, તડકો હરે ને વરસાદ પણ બે પછેડીવા હરે. પછી શું જોઈએ ?'' (સ્વા.વા.૬/૫૯) તેઓ વિચરણમાં નીકળે ત્યારે હરિભક્તોના અતિ આગ્રહ છતાં ક્યારેય પાકી રસોઈ અર્થાત્ મિષ્ટાન્ન વગેરે ન જમે. મહારાજે એક વાર દૂધ માટે ટકોર કર્યા પછી સ્વામીએ જિંદગીભર દૂધ પીધું નથી. જૂનાગઢ મંદિરના મહંત હોવા છતાં બાજરાના રોટલાનો ભૂકો કરીને એમાં છાશ ને મીઠું નાખીને જમતા. સ્વામીએ ક્યારેય પણ કોઈનીય મહોબ્બતને કારણે પણ ઉત્તમ પ્રકારનાં ભોજન અંગીકાર કર્યાં નથી. **(૪)** આણંદમાં રઘુવીરજી મહારાજે એક પેંડો ગુણાતીતાનંદ સ્વામીને આપ્યો. સ્વામી તે પેંડો હાથમાં લઈ થોડી વાર વિચારી રહ્યા, ને પછી બોલ્યા, ''પાંચસો પરમહંસો ગળું ઝાલીને ઊભા છે ને કહે છે કે ખાઈશ નહિ. ઝેર છે, ઝેર છે, ઝેર છે.'' **(૫)** જામનગરમાં એક હરિભક્તના આગ્રહથી સંતોએ દૂધપાકની રસોઈ કરી, સ્વામીના પત્તરમાં એક ડંકો દૂધપાક રેડ્યો. તે જોઈ સ્વામીશ્રી ઊંડા ઊતરી ગયા. રોટલીનો ટુકડો એમાં બોળીને પકડી રાખ્યો. સંતોએ જમવાનું કહ્યું તો કહે, ''પાંચસો પરમહંસો અને શ્રીજીમહારાજે મારું ગળું ઝાલ્યું છે ને કહે છે કે ઝેર છે તે ખાઈશ નહિ, ખાઈશ નહિ.'' એમ કહીને તેમણે દૂધપાક તો ન જ પીધો. તેઓ ફક્ત રોટલી ને શાક જ જમ્યા. આ બન્ને પ્રસંગો પરથી સ્વામીશ્રીની સહજ રુચિનો ખ્યાલ આવે છે. સ્વામીશ્રી જમવામાં પણ ખૂબ ઓછું જમતા. હંમેશા અર્ધા ભૂખ્યા રહેતા. **(૬)** એક વખત વિચરણ દરમ્યાન સૌ સંતો જમ્યા પછી એક શેર મઠ વધ્યા. હવે બીજું કોઈ ખાઈ શકે તેમ ન હતું. રામદાસ સ્વામીની ઇચ્છા હતી કે કોઈ જમી જાય તો ઠીક. ગુણાતીતાનંદ સ્વામી જમી ગયા. તે જોઈને રામદાસ સ્વામી બોલી ઊઠ્યા, ''સાધુરામ ! રોજ આટલી ભૂખ વેઠો છો ?'' **(૭)** આવી જ રીતે એક વખત જમ્યા પછી વધેલા બે રોટલા ગુણાતીતાનંદ સ્વામી જમી ગયા ત્યારે કૃપાનંદ સ્વામીને પણ આ જ અનુભવ થયો કે ગુણાતીતાનંદ સ્વામી અર્ધા ભૂખ્યા જ રહેતા હશે. વળી, પોતે કેડ ઉપર એક દોરો બાંધી રાખતા અને શરીર માપી લેતા. કદાચ શરીર સહેજ પણ પુષ્ટ થયેલું જણાય તો ઉપવાસ કરી નાખતા.

**૪. અન્ય વાતો કરતાં સ્વામીની વાતોની વિલક્ષણતા - વિષયવસ્તુની દૃષ્ટિએ. (૧૦૯-૧૧૦)**

જ. સ્વામીની વાતોમાં નિરૂપિત વિષયવસ્તુની દૃષ્ટિએ, અન્ય વાતો કરતાં એની આગવી વિલક્ષણતા નજરે ચડે છે. અન્ય પરમહંસોની વાતોમાં વિશેષ કરીને તો શ્રીજીમહારાજનાં લીલા-ચરિત્રોના પ્રસંગો તથા મહારાજે કરેલા પ્રસંગોપાત્ત ઉપદેશ નોંધાયેલો છે. સંપ્રદાયના કોઈ પણ આશ્રિત સંત-હરિભક્તની વ્યક્તિગત પુષ્ટિ માટે આ ગ્રંથો જરૂર ઉપયોગી છે, મુમુક્ષુને માટે પોતાના ઇષ્ટદેવનાં ચરિત્રોનું વાંચન, મનન અને સ્મરણ આવશ્યક છે. એટલે સંપ્રદાયમાં આ ગ્રંથોની મહત્તા તો છે જ, તેમ છતાં એટલું તો સ્પષ્ટ જ છે કે શ્રીજીમહારાજનો હૃદગત્ અભિપ્રાય અને સિદ્ધાંત, શુદ્ધ ઉપાસના અને સ્વરૂપનિષ્ઠા તેમજ સાધનાનું સ્પષ્ટચિત્ર જેવું સ્વામીની વાતોમાં જોવા મળે છે, એવું અન્ય કોઈની વાતોમાં જોવા મળતું નથી. જોકે ગોપાળાનંદ સ્વામીની વાતોમાં સિદ્ધાંત અને ઉપાસનાની વાતો જરૂર છે, તેમ છતાં ગુણાતીતાનંદ સ્વામીની વાતોની તોલે તો ન જ આવે. વળી, સ્વભાવ, દોષો, પંચવિષય પ્રત્યેની આસક્તિ-વાસનાનાં મૂળિયાં ઉખેડવાં, કસરમાત્ર ટાળવા, બ્રહ્મરૂપ થવા માટે જેવી જોરદાર અને ચોટદાર વાતો સ્વામીની વાતોમાં છે; એવી વાતો અન્ય કોઈની વાતોના ગ્રંથોમાં જોવા મળતી નથી. તદુપરાંત ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યે સહિત ભક્તિએ યુક્ત એકાંતિક ધર્મ સિદ્ધ કરવાનો આગ્રહ, તે માટેના ઉપાયો તેમજ સંગ-કુસંગ ઓળખીને કુસંગથી દૂર રહેવાનો આગ્રહ અને કુસંગથી બચવાના ઉપાયોનું માર્ગદર્શન પણ જેવું સ્વામીની વાતોમાંથી પ્રાપ્ત થાય છે, એવું સ્પષ્ટ માર્ગદર્શન અન્ય કોઈની વાતોમાંથી પ્રાપ્ત થતું નથી. સાધનામાં કથાવાર્તાની આવશ્યકતા તથા સત્પુરુષની અનિવાર્યતા વિશે સ્વામીએ જેટલી આગ્રહપૂર્વક વાતો કરી છે, એવો આગ્રહ કોઈની વાતોમાં જોવા મળતો નથી. વળી, વચનામૃતના સિદ્ધાંતો, રહસ્યો સમજવા માટે સ્વામીની વાતો જેટલી ઉપયોગી થઈ શકે તેમ છે, એટલી અન્ય કોઈ વાતો ઉપયોગી થઈ શકે તેમ નથી. આ પ્રકારે અન્ય પરમહંસોની વાતો અને સ્વામીની વાતોનો અભ્યાસ ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી તટસ્થાતાપૂર્વક કરવામાં આવે તો બીજા પરમહંસોની વાતો કરતાં સ્વામીની વાતોમાં નિરૂપાયેલ વિષયવસ્તુ અનેક રીતે તદન જુદી જ તરી આવે છે.

**પ્ર.૬ નીચે આપેલા વિષયમાંથી કોઈપણ એક વિષય ઉપર વિસ્તૃત નોંધ લખો. (પચીસથી ત્રીસ લીટીમાં) (કુલ ગુણ ૧૦)**

**૧. વચનામૃતમાં સર્વે શાસ્ત્રોનાં સાર-રહસ્ય-સિદ્ધાંતની વાતો. (૧૫-૧૮)**

જ. ચાર વેદોની એક લાખ શ્રુતિઓ છે, અઢાર પુરાણોના લગભગ સાડા ચાર લાખ શ્લોકો છે. મહાભારતના એક લાખ શ્લોકો છે. આ ઉપરાંત વિવિધ રામાયણો, ઉપપુરાણો, ઉપવેદો, સ્મૃતિગ્રંથો, ધર્મગ્રંથો, દાર્શનિક ગ્રંથો અને

આ સર્વે ગ્રંથો પર લખાયેલાં ભાષ્યો, ટીકાઓ, વૃત્તિઓ અને વ્યાખ્યાઓનો કેટલો મોટો સરવાળો થાય ? તેમ વિશાળ કદનાં સેંકડો શાસ્ત્રોમાં રહેલા કરોડો શબ્દોમાંથી આપણા જીવને ઉપયોગી શબ્દ શોધવાનું આપણા માટે મુશ્કેલ છે. તેથી શાસ્ત્રોનું સારત્તત્ત્વ શોધવું તે અમાસની રાત્રે ઊંડી અંધારી ગુફામાંથી કાળી વસ્તુ શોધી લાવવા જેવું કઠણ કામ છે. અનેક વખત શ્રીમદ્ ભાગવતની કથા કરનાર દીનાનાથ ભટ્ટને પણ ૧૮,૦૦૦ શ્લોકમાંથી પોતાના મોક્ષનો શ્લોક કયો છે તે ખબર ન હતી ત્યારે મહારાજે એ શ્લોક બતાવ્યો ત્યારે દીનાનાથ ભટ્ટ બોલ્યા, ''મહારાજ ! મેં ૧૮,૦૦૦ શ્લોકોનો પાઠ કેટલીય વાર કર્યો છે, શ્રીમદ્ભાગવતની કથા પણ અનેકવાર કરી છે, પણ મારા મોક્ષના શ્લોકની મને ખબર ન હતી, તે આપે કૃપા કરીને બતાવ્યો. મહારાજ વચ.મ.૩૯માં કહે છે, ''ગમે તેવો શાસ્ત્રી હોય, પુરાણી હોય, અતિશય બુદ્ધિવાળો હોય, તે પણ સાંભળીને તે વાતોને નિશ્ચય સત્ય માને ને હા પાડે, પણ તેને કોઈ રીતે સંશય ન રહે જે, 'એ વાર્તા એમ નહિ હોય.' એવી રીતે જે કહી દેખાડવું તેનું નામ રહસ્ય કહેવાય.'' સર્વે શાસ્ત્રોમાંથી આવું 'રહસ્ય' કાઢી આપવું, કહી દેખાડવું તે ઘણું કઠણ છે. મહારાજે વચનામૃતમાં જે કંઈ વાતો કરી છે તે સર્વે શાસ્ત્રોનાં સાર-સિદ્ધાંત રહસ્યરૂપ છે. સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના કર્યા પછી પણ તેઓ અવારનવાર સર્વે સત્શાસ્ત્રોનું વાંચન કરતા, અને સંતો-ભક્તો પાસે વાંચન કરાવીને સાથે સાથે તે શાસ્ત્રોમાંથી રહસ્યરૂપ, પરમસિદ્ધાંતરૂપ અને સારભૂત વાતો કરતા. તેની પ્રતીતિ નીચેના સંદર્ભોથી થયા વગર રહેતી નથી. **મ. ૧** - ''વેદ, શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ એ સર્વે ગ્રંથનો એ જ ગલિતાર્થ છે... આ જે અમે વાત કરી છે તે સર્વે શાસ્ત્રોનું રહસ્ય છે.'' **મ. ૮** - ''ચાર વેદ, સાંખ્યશાસ્ત્ર, યોગશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, અઢાર પુરાણ, ભારત, રામાયણ અને નારદપંચરાત્ર એ આદિક સર્વ શાસ્ત્રનો એ જ સિદ્ધાંત છે.'' **મ. ૨૧** - ''જેટલા કલ્યાણને અર્થે વ્યાસજીએ ગ્રંથ કર્યા છે તે સર્વે શાસ્ત્રમાં એ જ સિદ્ધાંત છે અને જીવના કલ્યાણને અર્થે પણ એટલી જ વાત છે જે, આ સર્વે જગત છે તેના કર્તા તો એક ભગવાન છે.'' **મ. ૨૮** - ''આ વાર્તા જે અમે કરી છે તે કેવી છે, તો વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિશે શબ્દમાત્ર છે, તે સર્વેનું અમે શ્રવણ કરીને તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે. તે પરમ રહસ્ય છે ને સારનું પણ સાર છે.'' **અં. ૧૦** - ''વેદ, પુરાણ, ઈતિહાસ અને સ્મૃતિ એ સર્વે શાસ્ત્રમાંથી અમે એ સિદ્ધાંત કર્યો છે જે; જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ અને પરમેશ્વર એ સર્વે અનાદિ છે.'' વચનામૃતોમાં જે વાતો છે તે ફક્ત શાસ્ત્રોનો સરવાળો કે સંકલન નથી, પરંતુ સર્વ શાસ્ત્રોમાં પરમ રહસ્ય અને સિદ્ધાંતરૂપ છે. મહારાજ વચ.મ. ૧૧માં કહે છે, ''જો ધર્મ, અર્થ ને કામસંબંધી જે ફળની ઇચ્છા તેનો ત્યાગ કરીને તેનાં તે શુભ કર્મ જો ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે તો એ જ શુભ કર્મ છે તે ભક્તિરૂપ થઈને કેવળ મોક્ષને અર્થે થાય છે.'' આ ત્રણ લીટીમાં ગીતાના સાંખ્યયોગ, કર્મયોગ, જ્ઞાનકર્મસંન્યાસયોગ, કર્મસંન્યાસયોગ અને ભક્તિયોગ એમ પાંચ અધ્યાયનાં સાર-રહસ્યનો સમાવેશ થઈ જાય છે. આવાં તો અનેક વચનામૃતોનાં અનેક વચનો છે કે જેમાં અનેક શાસ્ત્રોનાં પરમ રહસ્ય, સાર અને સિદ્ધાંત સમાયાં હોય. આ રીતે સર્વે સત્શાસ્ત્રોનાં સાર, રહસ્ય અને સિદ્ધાંતરૂપ વચનામૃત એક અદ્વિતીય આધ્યાત્મિક ગ્રંથ છે.

**૨. સ્વામીશ્રીના સ્પષ્ટવક્તાપણાનો નિર્દેશ કરતા પ્રસંગો. (૧૦૨-૧૦૯)**

જ. શિલ્પી જ્યારે ટાંકણું લઈને પથ્થરને ઘડે છે ત્યારે એ અણઘડ પથ્થરમાંથી કમનીય અને દર્શનીય મૂર્તિ તૈયાર થાય છે. પથ્થરને કેવળ ફૂંકથી કે તેને પંપાળવાથી એનું યોગ્ય ઘડતર થતું નથી. એ તો ટાંકણાથી પથ્થરને કંડારવો જ પડે. એમાં પણ ટાંકણું મારતાં ક્યારેક તિખારા પણ ઝરે છે, પરંતુ એના પરિણામે મૂર્તિ તૈયાર થાય છે. એવી જ રીતે સ્વામીશ્રીએ અનાદિ કાળથી જીવ સાથે વળગેલા કારણ દેહનો નાશ કરવા, જીવમાંથી સ્વભાવ, દોષ અને વાસનાનો બગાડ દૂર કરવા, કસરમાત્ર ટાળવા તથા જીવદશા ટાળીને જીવોને બ્રહ્મરૂપ કરવા માટે કઠણ વચન કહ્યાં છે. પ્રાયઃ જીવોને સત્ય પણ કડવું લાગતું હોય છે. તેમ છતાં કોઈનીય મહોબ્બતમાં લેવાયા સિવાય, કોઈથીય ડર્યા સિવાય નીડરતા અને નિર્ભયતાથી સ્વામીશ્રીએ જેને, જ્યારે, જ્યાં જે કાંઈ કહેવા જેવું હતું તે કહ્યું છે. નવલાખના આસામી શિવલાલ શેઠ હોય કે રાજ્યના વહીવટમાં અટવાયેલા લોધિકાના દરબાર અભેસિંહ હોય; વરતાલ દેશના આચાર્ય રઘુવીરજી મહારાજ હોય કે અમદાવાદ દેશના આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ હોય; ટૂંકમાં, ગમે તે નાના-મોટા ત્યાગી હોય કે ગૃહસ્થ, પણ તેમને સાચી વાત કરવામાં સ્વામીનો અવાજ ક્યારેય રૂંધાયો નથી. જીવોના જન્મમરણનો રોગ ટાળવા માટે કડવી દવા પાતાં ક્યારેય સ્વામી ખચકાયા નથી.

૧. શિવલાલ શેઠને કરોડમણ ઢૂંસાની કમાણી કરવાનો સંકલ્પ થાય છે. ૧૦૩

૨. તારા જીવ સામું જોઉં છું ત્યાં તો અરધો જ સત્સંગ રહ્યો છે. - શિવલાલશેઠને. ૧૦૩

૭૦૨

૩. તમારા ધ્યાન કરતાં અમારું જ્ઞાન કરોડગણું વધારે છે. - લોધિકાના દરબાર અભેસિંહને. ૧૦૪
૪. અક્ષરધામમાં તો હું મોટેરો હું છું - તે જો કંઈ ઉન્મત્તાઈ કરશો તો ત્યાં તડકે ઊભા રાખીશ. - ભગવદાનંદ સ્વામીને. ૧૦૪
૫. તમે ધર્મના આચાર્ય છો તે શુદ્ધ ધર્મ પ્રવર્તાવો. - વરતાલમાં બંને આચાર્યોને. ૧૦૪
૬. તમારા બાપ આંખે પાટા બંધાવીને ઘૂમટા કઢાવતા. તમે ઢોલ વગાડીને સ્ત્રીઓ ભેગી કરી - સાધુઓને વચ્ચે ઉભા રાખો છો. - રઘુવીરજી મહારાજને. ૧૦૪
૭. ધ્યાન કરો છો કે ગોટા વાળો છો ? - ઘનશ્યામદાસ સ્વામીને. ૧૦૫
૮. બે-ચાર બેલાં ઓછાં ઘડાય એનો વાંધો નહિ, પણ ભગવાનની સ્મૃતિ સહિત ક્રિયા કરવી. ૧૦૫
૯. અલ્યા ગોબરો થઈને વાસણ ઊટકે છે ? - ભગતજી મહારાજને. ૧૦૫

**વિભાગ : ૨ 'શાસ્ત્રીજી મહારાજ' વિસ્તૃત જીવનચરિત્ર ભાગ ૧ છટ્ઠી આવૃત્તિ ફેબ્રુઆરી-૨૦૦૭ના આધારે**

**નોંધ :-(૧) પ્રશ્ન : ૭ થી ૧૦ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.**

**પ્ર.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.**

**૧. શાસ્ત્રીજી મહારાજની ભગતજી મહારાજ પ્રત્યેની ગુરુભક્તિ.**

૧. ભગતજી મહારાજ અદ્ભૂત પુરુષ છે એવી પ્રથમ દર્શને છાપ પડી. ૫૬
૨. લો. ૧૨માં ભગતજી મહારાજે કરેલ નિરૂપણથી ઉપાસનાનું રહસ્ય સમજાઈ ગયું. ૫૭-૫૮
૩. પ્રાગજી ભક્તનો બ્રહ્મવિદ્યાના ગુરુ તરીકે મનોમન સ્વીકાર. ૫૯
૪. ટાંકુ અભડાવ્યાની વાત ખોટી છે.- ભગતજીના સાધુઓનો રાખેલો પક્ષ ૬૦
૫. માહાત્મ્યે સહિત ભગતજીનો નિશ્ચય - દર્શનથી આનંદ. ૬૯
૬. ગુરુને રાજી કરવા ચરણારવિંદની જોડ આપી દીધી. ૭૬
૭. ભગતજી મહારાજના દર્શન માટે પાણીનું ભરેલું રણ (ચાર ગાઉનું) પાર ઉતરી ગયા. ૮૩
૮. મહારાજની પ્રસાદીનો મોગરાની કળીનો હાર તથા તુંબડીની ગુરુ માટે ભેટ મોકલી. ૯૯
૯. ગુરુને રાજી કરવા વરતાલની સભામાં માફી માંગી. ૧૦૧
૧૦. મહુવામાં ભગતજીના એકાંતિકપણાનું નિરૂપણ. ૧૧૧ થી ૧૧૪
૧૧. ભગતજીનું ગુણાષ્ટક ..... શ્રીમન્નિર્ગુણમૂર્તયે. ૧૨૦
૧૨. રોટલા અને શાકોત્સવ ભગતજી દ્વારા સુખની લ્હાણ. ૧૨૯ થી ૧૩૨
૧૩. ભગતજીનું વાંકું બોલનારની ઈર્ષા ગ્રંથિ યજ્ઞપુરુષદાસજીએ ઓગાળી દીધી. ૧૪૬
૧૪. ભગતજી મહારાજનો ખૂબ મહિમા કહીને પોતાના વિદ્યાગુરુને તેમનાં દર્શનની લગની લગાડી. ૧૪૮
૧૫. ભગતજીની કલ્પવૃક્ષ સાથે તુલના - પિતાંબરદાસ પુરાણીને કહેલો ગુરુ મહિમા ૧૪૯-૧૫૦
૧૬ સને ૧૯૨૦માં ભગતજીને સાક્ષાત્કાર થયો ત્યાં સુધીનું ભગતજીનું જીવન ચરિત્ર લખી. મણિશંકરને આપી રોજ પાઠ કરવાનું કહ્યું ૧૫૦
૧૭. વાંસદાના દીવાનને ભગતજીનો યથાર્થ નિશ્ચય કરાવ્યો. ૧૫૪
૧૮. અમદાવાદના વૃધ્ધ સાધુ કૃષ્ણ સ્વરૂપદાસજીને ભગતજી એકાંતિક સત્પુરુષ છે તેવો મહિમા દૃઢ કરાવ્યો. ૧૫૮-૧૫૯
૧૯. ભગતજીને સદ્ગુરુ તરીકે ઓળખાવીને અષ્ટક બનાવ્યું. ૧૬૧
૨૦. ગઢડામાં ભગતજીને જળઝીલણીના સમૈયે તેડાવવા ખૂબ દાખડો કર્યો. ૧૬૬
૨૧. જ્યાંથી વિમુખ કર્યા એ જ જૂનાગઢમાં ધામધૂમથી સન્માન કરાવ્યું અને સાચા ગુરુભક્ત તરીકે અને સાચા શિષ્ય તરીકે યજ્ઞપુરુષદાસજીએ પોતાની ભક્તિ અદા કરી. ૧૮૩ થી ૧૮૫
૨૨. ભગતજીનું અપ્રતિમ સન્માન અને સ્વામીશ્રીનો અપૂર્વ દિગ્વિજય. ૧૮૫

**૨. શાસ્ત્રીજી મહારાજની અજાતશત્રુતા.**

૧. વરતાલ સભામાં સર્વ સંતને દંડવત્ કરી માફી માગી. ૧૦૧

૨. ડભોઈમાં મોરલીધરદાસ પુરાણીએ હરિભક્તોમાં અસંતોષ ફેલાવેલો હોવા છતાં પુરાણીની શંકાઓનું નિરાકરણ કર્યું. ૧૪૩

૩. રાજકોટમાં વિરોધના જવાબ સામે પણ મૌન. ૧૭૧-૧૭૨

૪. જૂનાગઢમાં સત્સંગિજીવનની કથા પૂર્ણાહૂતિમાં દ્વેષીઓના ઉકળાટ સામે સિંહ ગર્જના પણ પ્રથમ પૂજન પુરાણી હરિદાસનું કરાવ્યું. ૧૮૦-૧૮૧

૫. ગોપાળાનંદ સ્વામીના પ્રસાદી સ્થાનમાં માયાનો ઉપાડ - માયાનો સર્વત્ર ઉપાડ ‘ધાર્યું તો એક શ્રીજીમહારાજનું જ થાય છે.’ - ફોજદારને સાધુઓનાં નામ ન આપ્યાં. ૨૨૫ થી ૨૨૭

૬. ભેખધારી કોશ અને કોદાળી લઈ તમારું મૂળ ઉખેડવા કટિબદ્ધ થયા છે. ૨૩૮

૭. પોલીસ પટેલને ઉપાધિ કરનારનાં નામ ન આપ્યા. ૨૮૩

૮. મંદિર અને દેવથી આપણે જુદા પડતા નથી. ૨૮૪

૯. આણંદમાં દ્વેષી મંડળના સાધુઓ માટે કેશવલાલભાઈને સ્વામીશ્રીએ કહેલા શબ્દો, ‘આ અન્યાય મહારાજ સાંખશે નહિ.’ ૨૯૬

૧૦. દ્વેષ અને દ્રોહને કારણે લકવાથી પીડાતા ચીમનલાલ ક્રિપાશંકરને દર્શન દઈ દુઃખ મુક્ત કરી દેહ છોડાવી દીધો. ૨૯૮

૧૧. ‘અમે તથા વરતાલ એક છીએ.’ - જગદ્ગુરુ શંકરાચાર્ય માધવતીર્થને સ્વામીશ્રીએ આપેલો જવાબ. ૩૦૪

૧૨. અમદાવાદ મંદિરમાં સ્વામીશ્રીને લોટો મારનાર બ્રહ્મચારીને આસને જઈ તેની બળતરા દૂર કરવા માટે મહારાજને કરેલી પ્રાર્થના. ૩૮૯,૩૯૦

૧૩. લક્ષ્મીપ્રસાદે આપણા ઉપર ઉપકાર કર્યો છે. ૫૧૩

૧૪. ગિરધર બારોટને ક્ષમા આપી બળતરા મટાડી. ૫૬૬

૧૫. ચાણસદમાં સ્વામીશ્રીને મારવા આવેલા પાર્ષદોને કાલીદાસભાઈ પાસેથી છોડાવ્યા. ૬૬૮

૧૬. બામણગામમાં સંતોને મારવા આવેલા પાર્ષદોને શનાભાઈએ બોરસદની પોલીસ કસ્ટડીમાં પૂર્યા હતા તે છોડાવ્યા. ૬૭૦

**૩. શાસ્ત્રીજી મહારાજનું વરતાલથી મહાપ્રસ્થાન.**

૧. ઉપદ્રવનું જોર વધે છે - સંવત ૧૯૬૨ના કાર્તિક સુદ ૧૫નો ઐતિહાસિક સમૈયો. ૨૭૩

૨. વૈરાગ્નિની તીવ્રતા - પાણીમાં આગ. ૨૭૪, ૨૭૬

૩. આ વખતે શાસ્ત્રીને મૂકીને જશો નહિ. - કોઠારી ગોરધનભાઈ. ૨૭૭

૪. વરતાલનો દરવાજો છોડશો નહિ. - ભગતજી મહારાજ ૨૭૯

૫. આપ અખંડ ભેગા રહેજો. - શાસ્ત્રીજી મહારાજ - અંતિમ વનવાસ. ૨૮૧-૨૮૨

૬. માંગલિક પ્રસ્થાન - મંદિર તથા દેવથી આપણે જુદા પડતા નથી - શાસ્ત્રીજી મહારાજ ૨૮૪

**પ્ર.૮ નીચે આપેલાં વિષયોમાંથી કોઈપણ બે ઉપર ટૂંકનોંધ લખો.**
**(દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮)**

**નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. શાસ્ત્રીજી મહારાજની સેવાભાવના.**

૧. વડોદરાના સમૈયામાં વાસણની સેવા - બ્રહ્મચારી દેવાનંદજી સાથે ગામડામાં ફરતાં તમામ પ્રકારની સેવા - સુરત મંદિરમાં કોઠારની સેવામાં ૪૯-૫૧

૨. વિજ્ઞાનાનંદ સ્વામીની અંગત સેવામાં. ૭૩

૩. યજ્ઞપુરુષદાસની સેવા અને ભક્તિભાવ... રાજી કરી દીધા. ૮૦-૮૧

૪. જાગા ભક્તની સેવામાં જોડાઈ ગયા - ઉપાસનાનાં શિખરો તો આ સાધુ દ્વારા જ કરાવવા. ૯૧

૫. શાસ્ત્રીજી મહારાજે માંદા સાધુની સેવા કરવાનો ધર્મ સ્વીકાર્યો હતો. રામકૃષ્ણદાસની સેવા. ૯૨-૯૩

૬. ડાંગરામાં જાગાસ્વામીનો મંદવાડ અને સ્વામીશ્રીની સેવા. ૨૧૩

૭. બોચાસણ મંદિરના પાયા ખોદવાની સેવા, ૩૧૯

૮. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસે આખા સંપ્રદાયની ભારે સેવા કરી છે. ૩૩૭
૭૦૨

૯. સારંગપુર મંદિરના કારખાનામાં સેવા. ૩૮૨
૧૦. સારંગપુરની વાડીમાં સંતમંડળને પાણી પાવાની સેવા. ૬૧૪-૬૧૫
૧૧. અક્ષર મંદિરના પાયા ખોદવાની સેવા. ૬૨૬

**૨. શાસ્ત્રીજી મહારાજ દ્વારા ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે તે વાતની ચકાસણી.**

૧. ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય એટલે શું ? ૫૭
૨. યજ્ઞપુરુષદાસજીનો સ્વામી વિજ્ઞાનાનંદજીને પ્રશ્ન : આપણાં શાસ્ત્રોમાં તો નરનારાયણ દ્વારા અવતાર થયો છે એમ લખ્યું છે અને આ ત્રણ સાધુ નોખું પાડે છે તે સમજાતું નથી. ૬૫
૩. માહાત્મ્યે સહિત ભગતજીનો નિશ્ચય. ૬૯
૪. ભગતજીનાં દર્શન અને સમાગમ. ૭૧
૫. યજ્ઞપુરુષદાસજીએ પ્રાગજી ભક્તનો મહિમા સમજાવ્યો. ૧૦૭
૬. ગોપાળાનંદ સ્વામી હયાત બેઠા હતા તે વખતે તમે તેમને મૂળ અક્ષર બ્રહ્મ સમજતા'તા ? આ શિક્ષાપત્રી ઉપાડીને કહો તો સાચું મનાય. - માના ભગતને. ૬૬૧
૭. સ્વામી મૂળ અક્ષર છે. એ વાત મેં ઘણીવાર મહારાજ પાસેથી જ સાંભળી છે. એ વાત મારા જીવમાં છે. વિજ્ઞાનાનંદ સ્વામી. ૬૬૬
૮. તમે આ વાત સાંભળી છે તો તે સાચી છે અને જીવમાં એ પ્રમાણે સમજી રાખશો - વિજ્ઞાનાનંદ સ્વામી. ૬૬૬

**૩. વાતો દ્વારા સંશયગ્રંથિ ટાળનાર શાસ્ત્રીજી મહારાજ.**

૧. પિતાને ઉપદેશ આપી જ્ઞાનચક્ષુ ખોલી નાખ્યા. ૪૪
૨. આ પ્રાગજીમાં તમે શું દીઠું છે ? મહુવા મંદિરની સભામાં વચનામૃતની સાખે હરિભક્તોના સંશય ટાળ્યા. ૧૧૧
૩. ભગતજીના સંગથી જ પાંશરું રહ્યું છે. - તલગાજરડાના પટેલનો સંશય દૂર કર્યો. ૧૨૬
૪. કાનમ દેશમાં શુદ્ધ ઉપાસના સ્થાપન. ૧૩૭-૧૩૯
૫. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો પ્રૌઢ પ્રતાપ. ૧૩૯
૬. વાહ, યજ્ઞપુરુષદાસ ! તેં તો અંતર ઠારી દીધું- હઠ, માન ને ઈર્ષ્યા રહિત થયેલા પુરાણી મોરલીધરદાસ. ૧૪૩
૭. ડભોઈમાં રાત્રે કથા પ્રસંગે ગુણાતીતાનંદ સ્વામી અને ભગતજીના મહિમાની વાતો કરીને શંકા દૂર કરી. ૧૪૪
૮. યજ્ઞપુરુષદાસની વાતોથી રંગાચાર્યને પ્રાગજી ભક્તના દર્શનની લગની લાગી. ૧૪૮
૯. અણમૂલા રત્નની પ્રાપ્તિ- જેઠાભાઈએ વચનામૃત અંકોડા સાંધી જાળી ગૂંથી લીધી. ૧૫૫
૧૦. સ્વામીશ્રીની વાતોથી કોઠારી જીભાઈ જાગા સ્વામીનો મહિમા સમજે છે. ૧૭૫
૧૧. વાહ ગોપાળાનંદ ! વાહ ! તમે જો હોત તો હું સત્સંગી થઈ જાત. - સ્વામીશ્રીની વાતો સાંભળી જીવણરામ શાસ્ત્રીના શાંકર મતના સંસ્કારો બદલાયા. ૧૮૨
૧૨. અક્ષરપુરુષોત્તમ જ્ઞાનને મૂર્તિમાન બનાવવાની પ્રવૃત્તિ. ૧૯૩
૧૩. ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદની સત્યતા. ૨૨૩
૧૪. બાલમુકુંદ સ્વામીને પત્ર. ૨૩૯-૨૪૦
૧૫. સ્વામીશ્રીએ કોઠારીના આસને જઈને વાત સમજાવી. ૨૪૭
૧૬. શ્રીજીમહારાજના રહસ્યમય સિદ્ધાંતોનું સચોટ નિરૂપણ : જે શ્રીજીમહારાજને ..... થાય જ નહિ. ૨૫૬
૧૭. અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો સિદ્ધાંત સાચો છે - નડિયાદવાળા રામચંદ્ર ઠાકરને થયેલી પ્રતિતી. ૨૬૮
૧૮. હવે સત્સંગમાં ઉપાસનાની શુદ્ધિ થઈ - બાલમુકુંદસ્વામીના ઉદ્‌ગારો. ૩૩૬
૧૯. વચનામૃતની સાખે સ્વામીશ્રીની વાત સાંભળી રાણાભાઈ શુષ્ક સત્સંગી મટી શુદ્ધ સત્સંગી થાય છે. ૩૮૩
૨૦. દોલાભાઈને મહિમા કહ્યો, વળી રાધાકૃષ્ણ - અક્ષરધામ કેવું છે ? એની સમજ આપી - ગુણાતીતાનંદ સ્વામી અક્ષર છે એ વાત... - ગ.મ.૨૧ ઉપર વાત કરીને ઉપાસનાની સવળી સમજણ દૃઢ કરાવી. ૪૧૩ થી ૪૧૬
૨૧. લીમડી ઠાકોર સાહેબને મ.૨૧ પ્રમાણે વાત કરી કલ્યાણનો સાચો માર્ગ બનાવી દીધો. ૪૨૭
૨૨. રાજ્યની ઉપાધિનો ત્યાગ કરી સદ્‌ગુરુને સેવો - શ્રીમંત સરકારની અણસમજણ અને શંકા નિર્મૂળ થઈ. ૪૫૩

**પ્ર.૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈપણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગ વર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખો.) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : ૩ ગુણ પ્રસંગોના અને ૧ ગુણ મનનનો આપવો.**

૭૦૨

૧. **'અંતરથી સાધુ થા.' (૨૮) પ્રસંગ :** વિહારીલાલજી મહારાજને આચાર્ય પદવી ધારણ કરાવી તે પ્રસંગે ડુંગર ભગતને કોઠારી બેચર ભગત મળ્યા. ઓળખ પૂછી પોતાની સાથે રહેવા માટે પૂછ્યું. કોઈપણ પ્રલોભનમાં ન ફસાતાં પોતાનું નિશાન સાધુ થવાનું દૃઢતાપૂર્વક સાચવતાં. એટલે તરત જ ના પાડતાં કહ્યું : 'મારે તો સાધુ થવું છે, પણ પાર્ષદ સાથે રહેવું નથી.' તેથી કોઠારીએ બાળભક્તને કહ્યું: 'અંતરથી સાધુ થા.' બાળભક્તે નીડરતાપૂર્વક જવાબ આપ્યો: 'તમે અંતરથી સાધુ થાઓ. મને તો એવા સાધુ મળશે ત્યારે સહેજે થવાશે.

**મનન :** સત્ય વાતની રજૂઆત નીડરતાપૂર્વક કરવી જોઈએ. આપણા ધ્યેયની આડે આવતાં પ્રલોભનોને ઓળખી તેનાથી દૂર જ રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ.

૨. **'આખા બ્રહ્માંડની લક્ષ્મી અહીં આવશે.' (૩૨૦) પ્રસંગ :** બોચાસણમાં ઠાકોરજીના દેવાલયના પાયા પાણીનું ઝરણ આવ્યું તેટલા ઊંડા ખોદતાં પુરાતની ઈંટોથી બંધાયેલો ગોળ કૂવો આવ્યો. આ કૂવાની ઉગમણી દિશાએ ત્રણ ફૂટની ચોરસ ચોકડી આવી. તે ખોદતાં તેમાં દટાયેલી લક્ષ્મીના અસલી ચરુ દીઠા. એટલે તરત જ તે ઉપર માટી નાખી, ઝવેરભાઈ તથા ગિરધરભાઈએ સ્વામીશ્રી પાસે જઈને આ વાત કરી. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'તે લક્ષ્મીને દટાયેલી જ રહેવા દ્યો. આપણે મૂર્તિમાન લક્ષ્મીને બેસાડીશું એટલે આખા બ્રહ્માંડની લક્ષ્મીને અહીં લાવશે અને અનેકનાં કલ્યાણ થશે.'

**મનન :** કરુણામૂર્તિ સ્વામીશ્રીએ એક શ્રીજીસ્વામીને જ પોતાના આધાર બનાવ્યા હતા, એટલે દટાયેલી લક્ષ્મીને એ જ સ્થિતિમાં રાખી પાયાનું ચણતર પૂરું કરી દીધું.

૩. **વઢવાણ વિરુદ્ધ મૂળીમાં સભા (૨૩૯) પ્રસંગ :** વઢવાણ મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા અટકાવવા માટે મૂળી મંદિરમાં સદ્‌ગુરુ બાલમુન્કુદદાસજીની હાજરીમાં એક સભાનું આયોજન થયું હતું. આની જાણ સ્વામીશ્રીને થતાં જ તેમણે બાલમુકુન્દદાસજી સ્વામીને પત્ર લખ્યો : સોરઠમાં આપ ગામેગામ શ્રીજીસ્વામીની જોટે મૂર્તિઓ પધરાવી. મહારાજ અને સ્વામીની શુદ્ધ ઉપાસના અને નિષ્ઠા પ્રવર્તાવો છો. અમે પણ આપ જેવા મોટાનું કાર્ય સૌને બતાવીને કહીએ છીએ કે 'સ્વામી બાલમુકુન્દદાસજી જેવા મોટા પણ આ સિદ્ધાંતમાં માને છે.' પરંતુ જો આપ મૂળીની સભામાં વિરુદ્ધ પક્ષની તરફેણમાં બેસશો તો અમારે તો સત્સંગમાં બોલવાપણું કાંઈ રહેશે નહિ. માટે આપને વિનંતિ કે આ કાર્યમાં આપે અત્યાર સુધી જે પક્ષ રાખ્યો છે અને ઉપાસના પ્રવર્તાવી છે, તે ચાલુ રાખશો. આ પત્ર બાલમુકુન્દદાસ સ્વામીને મળતાં તેમણે તે પ્રમાણે જ અમલ કર્યો. મૂળી ગયા પણ સભામાં ન ગયા. આખી સભા વિરુદ્ધ પ્રવચનો થયાં વગર જ વીખરાઈ ગઈ. નિર્મળદાસજીને લાગ્યું 'જરૂર યજ્ઞપુરુષદાસજીએ ચક્રો ગતિમાન કર્યા હશે.' મૂર્તિપ્રતિષ્ઠાના કાર્યમાં હવે વિઘ્નો નહિ આવે એવી તેમને નિશ્ચિંતતા થઈ ગઈ.

**મનન :** સારા કામમાં સો વિઘ્ન આવે. પણ આપણે આપણા ધ્યેયમાંથી ચલિત ન થતાં તેને કુશળતાપૂર્વક દૂર કરવા જોઈએ.

૪. **સારંગપુરમાં સુવર્ણ અને રત્નજડિત મંદિર (૪૦૦) પ્રસંગ :** સારંગપુરમાં પીઠાખાચરના ઓરડામાં રોજના નિયમ પ્રમાણે સૌ સંત-હરિભક્તોની સભા થઈ હતી. તે વખતે સ્વામીશ્રીએ છગનભાઈને કહ્યું: 'છગનભાઈ! તમે પહેલ કરો તો આ સારંગપુરના મંદિરની લખણી કરીએ.' ત્યારે તેમણે કહ્યું : 'સ્વામી! માબાપ ! આપે તો લાખો રૂપિયાનું કામ આદર્યું છે. એમાં મારા જેવાનું શું ગજું ? મારી રકમમાંથી કાંઈ આ મંદિર ઓછું પૂરું થવાનું છે ?' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું 'તો પણ તમે કાંઈક લખાવો.' તેમણે સ્વામીની મરજી ઉપર છોડ્યું. એટલે ખરડામાં પ્રથમ તેમનું નામ લખીને રૂ.૩૫ની રકમ મૂકી. છગનભાઈ તો આ રકમ જોઈ મનમાં વિચારવા લાગ્યા. 'આવી રકમમાં કંઈ મંદિર પૂરું થાય ? ત્યારે સ્વામીએ તેમને કહ્યું તમારા જેવા નિષ્ઠાવાળા મુક્તોનો એક રૂપિયો કરોડ રૂપિયા બરાબર છે અને એમાં જ આ મંદિર આમ પૂરું થવાનું છે. એમ કહી સ્વામીશ્રીએ છગનભાઈને સુર્વણ અને રત્નજડિત ત્રણ શિખરનું મહામોટું મણિમય અતિશય પ્રકાશે યુક્ત મંદિરના દર્શન કરાવ્યાં.

**મનન :** સ્વામીશ્રીના સંકલ્પ માત્રમાં દરેક કાર્ય થઈ જાય તેમ હોવા છતાં નાનામાં નાના હરિભક્તની સેવાને અંગીકાર કરી. તમને મહામોટા ભાગ્યશાળી બનાવે છે.

૫. **'તમારું ઘર ઓલવતાં અમે બહુ દાઝી ગયા છીએ.' (૪૬૮) પ્રસંગ :** આણંદમાં કેશવલાલભાઈની વાડીમાં સ્વામીશ્રી સભામાં બિરાજમાન હતા. તેવામાં ખળી તરફથી નરસિંહભાઈ આવી મોતીભાઈને બૂમો પાડી બોલાવવા લાગ્યા. ત્યારે મોતીભાઈને ખબર પડી કે તેમનાં ઘર સળગ્યાં છે. બંને જણાં ખળી તરફ ગયા. ત્યારે આજુબાજુના લોકોના પ્રયત્નથી આગ કાબૂમાં આવી ગઈ હતી. નુકસાનની તપાસ કરી તો છાપરું સળગ્યું હતું,

પણ મોભ તથા વળીઓ બચી ગયાં હતાં, થોડાક સામાનને નુકસાન થયું હતું. રાત્રે બાર વાગે મોતીભાઈ સ્વામીશ્રી પાસે ગયા. ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું કેટલું નુકસાન થયું છે. ત્યારે મોતીભાઈએ કહ્યું આશરે બસો રૂપિયા જેટલું નુકસાન થયું હશે. ત્યારે મહાપુરુષદાસ બોલી ઊઠ્યા : 'લાકડાનો ભારો મળે, આનંદ છે રે લોલ, શુકન થાય સારા, આનંદ છે રે લોલ.' ત્યારે સ્વામીશ્રી તેમને વઢ્યા. પછી પોતાના હાથ મોતીભાઈને બતાવી કહ્યું : 'તમારું ઘર ઓલવતાં અમે બહુ દાઝી ગયાં.' મોતીભાઈએ જોયું તો સ્વામીશ્રીના હાથ કોણી સુધી દાઝી ગયા હતા. તેમણે સ્વામીશ્રીના હાથે તેલ ચોપડ્યું. સ્વામીશ્રીએ તેમને ઉપદેશ આપી સાંત્વન આપ્યું.

**મનન :** મહારાજે જેમ કાશીદાસ મોટાનું ઘર ઓલવ્યું હતું. તેમ મહારાજને ધારક એવા સંતે પણ હરિભક્તની રક્ષા કરી. સ્વામીની વાતમાં પણ આવે છે કે માવતર જેમ છોકરાની રક્ષા કરે છે તેમ ભગવાન પણ ભક્તની રક્ષા કરે છે.

**પ્ર.૧૦ નીચે આપેલા પાત્રમાંથી કોઈ પણ <u>એક</u> પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ ૮)**

**નોંધ : પાત્રના પ્રસંગો વધારે હોય તેથી બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. તે પરીક્ષાર્થી પર આધાર રાખે છે. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.**

**૧. ગોરધનદાસ કોઠારી : પ્રસંગો :**

૧. ભીમજી કોઠારીથી સારંગપુરનો વહીવટ અલગ કરી સ્વામીશ્રીને સ્વતંત્ર સત્તા આપી. ૨૦૯

૨. ભીમજી કોઠારીએ સ્વામીશ્રી વિરુદ્ધ નિર્ણય કરાવવા વરતાલ સમૈયામાં ગયા. ત્યારે કોઠારી જૂનાગઢ રોકાઈ ગયા. તેમની ગેરહાજરીને કારણે કોઈ નિર્ણય ન લેવાયો. ૨૨૯

૩. ત્યાગીવર્ગ તરફથી તમને ઉપાધિ ઘણી જ થશે એમ મને લાગે છે. કોઠારીએ કહેલા હિતનાં વચન. ૨૩૮

૪. ભેખધારી કોશ અને કોદાળો લઈ તમારું મૂળ ઉખેડવા કટિબદ્ધ થયા છે.- કોઠારીનો સ્વામીશ્રી પ્રત્યેનો ભાવ. ૨૩૯

૫. શાસ્ત્રીજી મહારાજ માટે સત્ય વાત માટે કોઠારી કહેતા. વરતાલના બે હજાર સાધુમાં ...... લાગે છે. ૨૭૦

૫. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ માટે તમે શું કરશો ? - કોઠારીએ હીરાભાઈને કરેલો પ્રશ્ન. ૩૧૧

૬. મૂર્તિઓ પધરાવી છે તે કબૂલ રાખે તો સમાધાન કર્યું કહેવાય. - સમાધાનમાં મૂર્તિઓ વિશે પૂછે તો શું કહેવું ? શાસ્ત્રીજી મહારાજના પ્રશ્નનો જવાબ. ૪૭૪

**વ્યક્તિત્વ:** વ્યક્તિને ઓળખી તેની આવડતનો ઉપયોગ સંસ્થાના વિકાસમાં કરવાની કુનેહ - ખોટા વિચારો અને ઠરાવોને મદદ ન કરવી તેને કારણે બીજા ખોટા વિવાદો ઊભા ન થાય તે રીતે કાર્ય કરવું. - સાચી વ્યક્તિની રક્ષા થાય તે માટે તેનું હિત થાય તે રીતે કાર્ય કરવાની સલાહ આપવી. - સિદ્ધાંતની બાબતમાં કોઈપણ રીતે બાંધછોડ ન કરવાનું વલણ.

**૨. સાધુ મહાપુરુષદાસ : પ્રસંગો :**

૧. મહાપુરુષદાસના સમાગમથી યજ્ઞપુરુષદાસને તત્ત્વે સહિત ભગતજીનો મહિમા સમજાયો. ૬૯

૨. કોઠારી બેચર ભગતને આચાર્યશ્રી કુંજવિહારીપ્રસાદજી મહારાજ પાસે ફરી દીક્ષા અપાવી મૂળ નામ જ મહાપુરુષદાસજી અપાવ્યું. ૨૮૯

૩. બોચાસણ પારાયણમાં તેમની સંશયવૃત્તિનું નિરાકરણ થતા સ્વામીશ્રી સમક્ષ 'છાના છાના છાના રે ક્યાં સુધી રહેશો તમે છાના રે......' ના ચાર પદ બનાવી મુજરા કર્યા. ૩૩૦

૪. બોચાસણ સ્વામીની વાતોના પારાયણમાં પ્રશ્નોના ઉત્તર કરી સૌને અક્ષરપુરુષોત્તમ નિષ્ઠા દૃઢ કરાવતાં. ૩૩૬

૫. સર્વોપરી ભગવાન આજે સ્વામીશ્રીને વશ વર્તે છે. ૪૬૫

૬. મહાપુરુષદાસ બોલી ઊઠ્યા : 'લાકડાનો ભારો મળે, આનંદ છે રે લોલ, શુકન થાય સારા, આનંદ છે રે લોલ.' ત્યારે સ્વામીશ્રી તેમને વઢ્યા. ૪૬૮

૭. ચાણસદમાં સ્વામીશ્રીના સાનિધ્યમાં દેહત્યાગ. ૪૭૨-૪૭૩

**વ્યક્તિત્વ :** સર્વોપરી નિષ્ઠા પ્રર્વતાવવાની ધગશ - યજ્ઞપુરુષદાસજી પોતાનાથી નાના હોવા છતાં તેમનામાં ગુરુભાવ દૃઢ કર્યો હતો.

## વિભાગ : ૩ : સ્વામીની વાતોના આધારે

**પ્ર.૧૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અર્ધો જવાબ સાચો હોય તો પણ અર્ધો ગુણ ન આપવો. જવાબ આખા વાક્યમાં લખેલો હોવો જોઈએ. એક શબ્દમાં લખેલો જવાબ માન્ય ગણાશે નહિ.**

**૧. મહારાજના મતે ખરા સત્સંગી કોણ છે ? (૩/૯)**

જ. મહારાજના મતે ખરા સત્સંગી પર્વતભાઈ અને ગોરધનભાઈ છે.

**૨. સત્સંગીઓનું કેવું કલ્યાણ થાય છે ? (૩/૧૦)**

જ. મોટા મોટા અવતારોના જેવું સત્સંગીનું કલ્યાણ થાય છે.

**૩. કયા પાંચ વચનામૃત સાંભળીને સ્વામી બોલ્યા કે આ વચનામૃત તો જાણે સાંભળ્યાં જ નહોતાં ? (૩/૧૩)**

જ. પ્રથમનું ત્રેવીસ, મધ્યનું ત્રીસ ને પિસ્તાલીસ, અમદાવાદનું બીજું ને ત્રીજું વચનામૃત સાંભળીને સ્વામી બોલ્યા કે આ વચનામૃત તો જાણે સાંભળ્યાં જ નહોતાં.

**૪. કોના બેય પગલાં અક્ષરધામમાં છે ? (૩/૨૬)**

જ. જેને આ સાધુની ઓળખાણ થઈ તેના બેય પગલાં અક્ષરધામમાં છે.

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (પાંચેક લીટીમાં) (કુલ ગુણ ૬)**

**૧. આનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી અને સ્વરૂપાનંદ સ્વામી મહારાજની આજ્ઞા થતાં કેવી રીતે ક્રિયા કરે છે ? (૩/૭)**

જ. આનંદસ્વામીએ કહ્યું જે, જેમ તમે કહો તેમ કરીએ. ત્યારપછી મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, હૃદયમાંથી એક વેંત વૃત્તિ બહાર કાઢું ત્યારે ક્રિયા થાય ને તે વૃત્તિ એક વેંત બહાર કાઢી હોય તેને પાછી હાથ વૃત્તિ પાછી વાળું ત્યારે સુખ થાય. પછી સ્વરૂપાનંદસ્વામીએ કહ્યું જે, તમે કેમ કરો ? ત્યારે એ બોલ્યા જે, ક્રિયા કરવાને જોવા જાઉં તો તે પદાર્થ ટળી જાય ને તમારી મૂર્તિ જ દેખાય. ત્યારે મહારાજે પૂછ્યું જે, પદાર્થ ટળી જાય ને મૂર્તિ દેખાય એ સર્વેને માન્યામાં આવતું નથી.' ત્યારે સ્વરૂપાનંદસ્વામી બોલ્યા જે, 'જેમ તીરમાં લીંબુ ખોસ્યું હોય ને તે તીરને જેમનો કરીએ ને તીરમાં જેમ લીંબુ દેખાય, તેમ વૃત્તિમાં ભગવાન રહ્યા છે એટલે તે વૃત્તિ જેમની કરીએ તેમની કોરે ભગવાન દેખાય છે.

**૨. શ્રીજીમહારાજ અને મોટા સંતની દૃષ્ટિ ક્યારે થાય ? (૩/૨૫)**

જ. દૃઢ ધર્મ હોય તથા આત્મા-પરમાત્માનું અતિ દૃઢ જ્ઞાન હોય તથા પંચવિષયમાં અતિશે દૃઢ વૈરાગ્ય હોય તથા પુરુષોત્તમ ભગવાનની માહાત્મ્ય જ્ઞાને સહિત અનન્ય ભક્તિ હોય, તેને માથે દૃષ્ટિ થાય છે, પણ દેહાભિમાની માથે દૃષ્ટિ થાતી નથી. ને તે વિના કાંઈ દૃષ્ટિ જેવું જણાય છે તે અંતે નહિ જ રહે.

**૩. 'જીવ બ્રહ્મરૂપ કેમ થતો નથી ?' તેના ઉત્તરમાં સ્વામીએ વર્ણવેલી ત્રણ ખામીઓ વર્ણવો. (૩/૩૩)**

જ. હેતે કરીને સત્પુરુષમાં જીવ બાંધ્યો નથી અને સત્પુરુષમાં જીવ બાંધ્યો હોય તો તેનો વિશ્વાસ ન આવે.' ત્યારે વળી પૂછ્યું જે, 'હેતે કરીને જીવ બાંધ્યો હોય તેનો વિશ્વાસ કેમ ન આવે ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'આ જલે ભક્તે મારા સાથે જીવ ઘણો બાંધ્યો છે પણ મારો વિશ્વાસ ન આવે. એમ કહીને વળી બોલ્યા જે, વિશ્વાસ તો હોય, તો પણ નિષ્કપટપણે વર્તાય નહિ, ને નિષ્કપટપણે વર્તે તો જીવ બ્રહ્મરૂપ થયા વિના રહે નહિ.

**પ્ર.૧૩ નીચે આપેલા કોઈ પણ બેના દૃષ્ટાંત અથવા પ્રસંગ વર્ણવી તેનો સિદ્ધાંત લખો. (આઠેક લીટીમાં) (કુલ ગુણ ૬)**

> **નોંધ : સિદ્ધાંત મૌલિક રીતે લખવાનો હોવાથી અહીં આપેલા જવાબ સિવાયનો સિદ્ધાંત પરીક્ષાર્થીએ લખેલો હોય તો તે દૃષ્ટાંતને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૨ ગુણ દૃષ્ટાંતના અને ૧ ગુણ સિદ્ધાંતનો આપવો.**

૧. **સ્વપ્નમાં ઘોડાનો પગ ભાંગ્યો. (૩/૧૯) દૃષ્ટાંતઃ** એક ઘોડાનો સ્વપ્નમાં પગ ભાંગ્યો તે જ્યારે જાગ્યો ત્યારે તોળીને ઊભો પણ પગ માંડે નહિ. પછી વૈદને દેખાડ્યો; ત્યારે વૈદે કહ્યું જે, આ ઘોડાનો પગ ભાંગ્યો નથી ને કાંઈ માંદો થયો નથી, એને તો સ્વપ્ન થયું છે તે પગ તોળીને ઊભો છે. ત્યારે પૂછયું જે, એનું કેમ કરવું ? ત્યારે એણે કહ્યું જે, બસે ઘોડાં સાબદાં કરો ને તોપુંના ને બંધૂકુંના ભડાકા કરવા માંડો, એટલે ચમકશે ત્યારે સ્વપ્ન થયું છે તે મૂકી દેશે.

**સિદ્ધાંતઃ** પૂર્વે લખાયેલાં શાસ્ત્રની જીવને એવી ભ્રાંતિ પડી જાય છે કે પ્રગટનાં ચરિત્રો નજરે જોવા છતાં તેનો અર્થ શાસ્ત્રમાં શોધવા જશે. પણ જન્મ મોર શાદી ક્યાંથી લખાય ?

૨. **વાદી, ફુલવાદી ને ગારડી (૩/૫) દૃષ્ટાંતઃ** વાદી, ફૂલવાદી ને ગારડી; તેમાં વાદી હોય તે ગરીબ સાપ હોય તેને ઝાલે, ને ફૂલવાદી હોય તે તો હાથ આવે તો ઝાલે, નહિ તો લૂગડાના છેડાને વળ દઈને મારી નાખે, ને

ગારડી હોય તેની આગળ તો ગમે તેવો મણિધર હોય તે પણ ડોલે.

**સિદ્ધાંતઃ** દત્તાત્રેય, કપિલ તે તો વાદીને ઠેકાણે છે, તે તો મુમુક્ષુ હોય તેનું કલ્યાણ કરે; ને રામચંદ્રને શ્રીકૃષ્ણ તે તો ફૂલવાદીને ઠેકાણે છે, તે તો પોતાનું વચન માને તેનું કલ્યાણ કરે ન માને તો તરવારે સમાધાન કરીને કલ્યાણ કરે; ને મહારાજ તો ગારડીને ઠેકાણે છે ને તેમની આગળ તો જીવ, ઈશ્વર, પુરુષ ને અક્ષરાદિક તે સર્વે હાથ જોડીને ઊભા છે.

૩. **સો કરોડ રાખનાં પડીકાં પટારામાં (૩/૨૮) દૃષ્ટાંતઃ** સો કરોડ રાખનાં પડીકાં વાળીને પટારામાં ભરી મૂકીએ ને તાળાં દઈ રાખીએ ને જે દિવસ કાંઈક કામ પડે ને કાઢીએ તો કાંઈ સારું નીસરે ?

**સિદ્ધાંતઃ** મહારાજની મૂર્તિ વિના ને આ સાધુ વિના સુખ કે શાંતિ ક્યાંય નથી.

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'નું પ્રમાણ આપી સમજાવો. (આઠથી દસ લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધ : સમજૂતિ મૌલિક રીતે લખવાની હોવાથી અહીં આપેલા જવાબ સિવાયની સમજૂતિ પરીક્ષાર્થીએ લખેલી હોય તો તે પ્રસંગને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૨ ગુણ પ્રમાણનો અને ૨ ગુણ સમજૂતિનો આપવો.**

૧. **૧૧૬ વર્ષના ભાયાત્માનંદ સ્વામીને જ્યારે ગુણાતીતાનંદ સ્વામીએ શ્રીહરિનું સર્વોપરીપણું સમજાવ્યું ત્યારે જ શ્રીજીમહારાજ તેમને અક્ષરધામમાં તેડી ગયા. (૩-૧૨)**

**પ્રમાણ :** મહારાજને પુરુષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહિ ને બ્રહ્મરૂપ થયા વિના મહારાજની સેવામાં રહેવાય નહિ. મહારાજ તો સર્વોપરી ને સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ છે. આજ તો સત્સંગમાં સાધુ, આચાર્ય, મંદિર ને મૂર્તિયું તે સર્વોપરી છે, તો મહારાજ સર્વોપરી હોય તેમાં શું કહેવું ?

**સમજૂતિ :** મહારાજ પોતાના ભક્તની ઉપાસનાની સમજની કસર ટાળીને ચોખ્ખી ઉપાસના સમજાવીને જ અક્ષરધામમાં લઈ જાય છે. તે ન સમજાય તો તેવા પુરુષનો યોગ કરાવી આપે છે જેણે કરીને ચોખ્ખી ઉપાસના સમજાય.

૨. **શ્રીજીમહારાજે ગ. મ. ૩૯માં કહ્યું છે, 'ભગવાનને નિરાકાર સમજે એ તો પંચ મહાપાપ કરતાં પણ અતિ મોટું પાપ છે. એ પાપનું કોઈ પ્રાયશ્ચિત્ત નથી.' (૩-૧૬)**

**પ્રમાણ :** ભગવાનના સ્વરૂપને જે નિરાકાર કહેનારા છે ને જાણનારા છે ને સત્શાસ્ત્રના અર્થને અવળા અર્થના કરનારા છે, તે તો અનંત જન્મ સુધી ને ત્રેતાયુગમાં દશ હજાર વરસ સુધી ને દ્વાપરયુગમાં હજાર વરસ સુધી ને કળિયુગમાં સો વરસ સુધી એને ગર્ભમાંથી શસ્ત્રે કાપી કાપીને કાઢશે પણ બાળો સાદ કાઢીને રોશે નહિ ને એમ ને એમ અનંત કલ્પ સુધી દુઃખને ભોગવશે, પણ સુખ તો નહિ જ થાય.

**સમજૂતિ :** ભગવાનનું સ્વરૂપ સદા સાકાર જ છે. આ સૃષ્ટિ જેમ સાકાર છે. તેમ તેના બનાવનાર પણ સાકાર જ છે. પણ શાસ્ત્રના શબ્દના અવળા અર્થ કરીને ભગવાનને નિરાકાર સમજે છે. તેથી તેને દુઃખ આવે છે.

❑ ❑ ❑